# જાહેરાત

## કમિશ્નર,મહિલા અને બાળ વિકાસની કચેરી,

## ગુજરાત રાજય, ગાંધીનગર

કમિશ્નર,મહિલા અને બાળ વિકાસની કચેરી,ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા અનૈતિક વ્યાપાર અટકાયત ધારો -૧૯૫૬ સુધારેલ ૧૯૮૬ હેઠળ ગ્રાન્ટ ઇન એઇડના ધોરણે અનાથ નિરાધાર બાળાઓ, મહિલાઓને વિનામૂલ્યે આશ્રય, રક્ષણ અને તાલીમ આપવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત નારી સંરક્ષણ કેન્દ્ર, નર્મદા,તાપી,વલસાડ,ડાંગ ખાતે શરૂ કરવા માટે સ્વૈચ્છીક સંસ્થાઓ પાસેથી નિયત નમુનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.

નિયત નમૂનાનું અરજીફોર્મ તેમજ બોલીઓ અને શરતો વેબસાઇટ **http://wcd.gujarat.gov.in/** ઉપર ઉપલબ્ધ છે. આ અરજીપત્રકો **સંપૂર્ણ રીતે ભરીને સાધનિક કાગળો સાથે મોડામાં મોડા તા.૧૦/૩/૨૦૧૫ સુધીમાં કચેરી સમય દરમ્યાન ટપાલ ધ્વારા અથવા રૂબરૂમાં** કમિશ્નર,મહિલા અને બાળ વિકાસની કચેરી ગુજરાત રાજય, ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૨૦ ભોયતળિયે, જૂના સચિવાલય, ગાંધીનગર ખાતે રજુ કરવાના રહેશે.

સ્થાનિક કક્ષાએ આ પ્રવૃતિમાં કાર્યરત સંસ્થાને પ્રાધાન્ય આપવામાં આવશે. સંસ્થાની મંજુરી તથા નામંજુરીનો હક્ક કમિશ્નર,મહિલા અને બાળ વિકાસની કચેરીનો રહેશે.

**સંયુકત કમિશ્નર,**
મહિલા અને બાળ વિકાસની કચેરી
ગુજરાત.રાજય,ગાંધીનગર.

તા. ૨૩ ૦૨-૧૫.

# <u>નારી સંરક્ષણ ગૃહ શરૂ કરવા માટે અરજીનુ ફોર્મ</u>

પ્રતિ,

કમિશ્નરશ્રી,

કમિશ્નર,મહિલા અને બાળ વિકાસની કચેરી,

ગુજરાત રાજ્ય,ગાંધીનગર

**વિષય-સ્વૈચ્છિક નારી સંરક્ષણ ગૃહ શરૂ કરવાની મંજુરી આપવા બાબત**

ટ્રસ્ટનુ નામ-

શ્રીમાન,

અમારૂ ટ્રસ્ટ/મંડળ---------------માટે સંસ્થા શરૂ કરવા ઇચ્છે છે.

ઉપર્યુક્ત સંસ્થાને લાગુ પડતા લાયસન્સીંગ એક્ટ અને આપના ખાતાના સહાયક ગ્રાન્ટને લગતા બધા નિયમો અમો કાળજી પુર્વક વાંચ્યા છે અને ઉક્ત નિયમ સંગ્રહના બધા તેમજ સરકારશ્રી દ્વારા નારી સંરક્ષણા કેન્દ્ર શરૂ કરવાની બોલીઓ/શરતો તેમજ તેમાવખતો વખત સમાવિષ્ટ કરવામાં આવે તેવા બીજા તમામ નિયમ તેમજ કમિશ્નર,મહિલા અને બાળ વિકાસ વખતો વખત આપે તે સુચનાઓનુ પાલન કરવા અમે કબુલ થઇએ છીએ..ટ્રસ્ટની વિગતો નીચે આપી છે,

| | |
|---|---|
| ૧ | ટ્રસ્ટનુ નામ અને પુરેપુરૂ સરનામુ |
| ૨ | પબ્લીક ટ્રસ્ટ એક્ટ નીચે અથવા સોસાયટીના કાયદા નીચેનો રજીસ્ટ્રેશન નંબર અને તારીખ(નકલ સામેલ રાખવી) |
| ૩ | નિયામક સમાજ સુરક્ષા દ્વારા ઓર્ફનેજીસ એન્ડ ચેરીટેબલ (સુપરવિઝન એન્ડ કન્ટ્રોલ) એક્ટ -૧૯૬૦ હેઠળ મળેલ માન્યતા ની તારીખ અને નંબર |
| ૪ | ટ્રસ્ટના મુખ્ય ઉદ્દેશો |
| ૫ | કયા પ્રકારની સંસ્થા શરૂ કરવાની છે? અને કઇ પ્રવૃત્તિ કરે છે તેની માહિતિ ફોટા સહિત આપવી |
| ૬ | સંસ્થા શરૂ કરવાનુ સ્થળ |
| ૭ | સંસ્થા શરૂ કરવાનો ટ્રસ્ટના ઠરાવની નકલ |
| ૮ | સંસ્થાની નજીક આવેલ તે જ પ્રકારની  સરકારી / બિન સરકારી સંસ્થાનુ તેનાથી અંતર |
| ૯ | પ્રસ્તાવિત સંસ્થાની સંચાલક સમિતિના સભ્યોના નામ,હોદ્દા,વ્યયસાય અને સરનામા |

૧૦ પ્રસ્તાવિત સંસ્થામાં અંતેવાસીઓને માટે ભોજન, શિક્ષણ, તાલીમ પુનઃસ્થાપન માટેની વ્યવસ્થા શુ કરવામાં આવશે?

૧૧ અંતેવાસીઓનારહેઠાણ,ભોજન,કપડા,શિક્ષણ તાલીમ પુનઃસ્થાપિત માટેની સગવડો ઉભી કરવા માટે શુ આયોજન છે?

૧૨ સંસ્થાના છેલ્લા ત્રણા વર્ષના વાર્ષિક વહિવટી અહેવાલની નકલ

૧૩ સંસ્થાનોપાન નંબર

૧૪ નાણાકીય સધ્ધરતાનુ CA નુ પ્રમાણ પત્ર અને બેન્ક સિલકનુ પ્રમાણપત્ર

૧૫ CA દ્વારા ઓડીટ થયેલ છેલ્લા ત્રણ વર્ષના ઓડિટ હિસાબોની નકલ

૧૬ સંસ્થાના પોતાના ખર્ચા લગભગ એક વર્ષ સુધી ચલાવી શકાય તે માટે સંસ્થાએ કરેલ નાણાકીય સગવડ તેમજ બેન્ક બેલેન્સ પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ છેલ્લા એક વર્ષનુ બેન્કનુ આવક-જાવકનુ સ્ટેટમેન્ટ

૧૭ સંસ્થા પાસેના ભૌતિક સગવડ સાથેના મકાનોની વિગતો (નકશા તેમજ ફોટોગ્રાફ્સ સહિત)

૧૮ સંસ્થા રાજ્ય સરકાર/ભારત સરકાર તથા અન્ય અનુદાન સહાય મેળવતી હોય તેની વિગત

૧૯ સંસ્થાએ કરેલ કામગીરી અનુભવનુ પ્રમાણપત્રની વિગત

**સંસ્થાના વડાની સહી-સિકકા.**

નોંધઃ-

(અ) ઉપરોક્ત દર્શાવેલ તમામ વિગતો સાચી છે અને આપેલ શરતો અને બોલીઓનુ પાલન કરવાનુ બાહેંધરી પત્ર સામેલ કરવુ.

(બ) અરજી કરનાર સંસ્થાએ મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક – નરક્ષ/૧૦૨૦૦૮/નબા ૩ –અ,તા.૧૭/૮/૦૯ની શરતોનો અમલ કરવાનો રહેશે તેમજ સરકારશ્રીના પ્રવર્તમાન નિતિ નિયમો ઠરાવનુ પાલન કરવાનુ રહેશે.સ્થાનિક કક્ષાએ મહિલાઓના ઉત્કર્ષનીપ્રવૃતિમાં કાર્યરત સંસ્થાને પ્રાધાન્યઆપવામાં આવશે.સંસ્થાની મંજુરી તથા નામંજુરીનો હક્ક કમિશ્નર,મહિલા અને બાળ વિકાસનીકચેરી/સરકારશ્રીનો રહેશે.

(ક) ઉપરોક્ત તમામ બિડાણો જોડવા જરૂરી છે

**સંસ્થાના વડાની સહી-સિકકા.**

<u>શરતો અને બોલીઓ:-</u>

1. સ્વૈચ્છિક સંસ્થાઓ ઓર્ફનેજીસ એન્ડ ચેરીટેબલ (સુપર વિઝન અન્ડ કંટ્રોલ) એક્ટ -૧૯૬૦ હેઠળ માન્યતા મેળવેલ હોવી જોઇએ.
2. સમાજ સુરક્ષા ગ્રાન્ટ એઇડ કોડ-૧૯૯૨ ની બધી શરતો અમલી બનશે અને તેના આધિન કાર્ય કરવાનુ રહેશે.
3. આ જવાબદારી સ્વીકારનાર સ્વૈચ્છિક સંસ્થાઓને ૪૦ બાળાઓ/બહેનોને રાખવાની રહેશે અને તેઓએ સગવડ પુરી પાડવાની રહેશે.જેમા રહેવા,જમવા અને સેનીટેશનની સગવડતાવાળુ મકાન ઉપલબ્ધ કરવાનુ રહેશે.
4. અનૈતિક વ્યાપાર અટકાયત ધારો-૧૯૮૬ મુજબની કાર્યવાહી કરવાની રહેશે.કાયદાને આધિન નારી સંરક્ષણ માટે નિભાવ અને વહીવટી કાગીરી કરવાની રહેશે.
5. સરકારશ્રીના પ્રવર્તમાન અનામત નિતિ પ્રમણે આ સંવર્ગમાં જે તે વર્ગનો બેકેલોગ બાકી હોય તો સર્વ પ્રથમ જે તે બેકેલોગ પુરો કરવાનો રહેશે.ત્યાર બાદ આ સંવર્ગના રોસ્ટર રજીસ્ટર પ્રમાણેજેતે વર્ગને ફાળે જે જગ્યાઓ આવતી હોય તે જગ્યાઓ ઉપર જે તે વર્ગનુ પ્રતિનિધિત્વ જળવાય તે રીતેકાર્યવાહી થાય તે રીતે નિમણુક સત્તાધિકારીએ જોવાનુ રહેશે.
6. આ નારી સંરક્ષણ કેન્દ્રમાં નીચેની સેવાઓ આઉટ સોર્સથી કોન્ટ્રાક્ટ પર લેવાની રહેશે.

| ક્રમ | જગ્યાનુ નામ | ફિક્સ પગાર માસિક પાંચ વર્ષ માટે(આઉટ સોર્સથી) (એક સંસ્થાનો) |
|---|---|---|
| ૧ | અધિક્ષક | ૧૦૦૦૦/- |
| ૨ | ક્લાર્ક | ૫૩૦૦/- |
| ૩ | ક્રાફ્ટ ટીચર | ૫૩૦૦/- |
| ૪ | આયા | ૫૦૦૦/- |
| ૫ | વોચમેન | ૫૦૦૦/- |
| ૬ | રસોયા | ૫૦૦૦/- |
| ૭ | સ્વિપર | ૫૦૦૦/- |
| ૮ | પટાવાળા | ૫૦૦૦/- |
| | કુલ | ૪૫,૬૦૦/- |

ઉપરના કોષ્ટકમાં નિયત થયા મુજબ માસિક ઉચ્ચક પગાર મળશે આનિમણુક કરારના ધોરણે ગણવમાં આવશે.

7. ઉભય પક્ષે એક માસની નોટીસ અથવા એક માસની ફિક્સ પગારની રકમ સાથેનો નોટીસ પગાર આપીને કરારનો આંત લાવી શકાશે.
8. નિયત ફિક્સ વેતન પર કોઇ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહી.
9. કરારના સમયગાળા દરમ્યાન નિમણુક મેળવતા કર્મચારીઓને ઉપરના કોષ્ટકના કોલમ-પમાં નિયત થયા મુજબ માસિક ઉચ્ચક પગાર(ફિક્સ વેતન)માં કોઇ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપત્ર થશે નહી.મોંઘવારી ભથ્થુ,વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો કે અન્ય કોઇ લાભો મળવા પાત્ર થશે નહી.
10. કરારના સમયગાળા દરમ્યાન મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહી.
11. કરારના પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન બજાવેલ સેવા/નોકરી પેન્શન બોનસ,એલ.ટી.સી. લીવ એન્કેશમેન્ટ,પેશગી કે તેવા અન્ય કોઇ નાણાકીય લાભો સરકારશ્રી પાસેથી મેળવવાને પાત્ર ગણાશે નહી.

12. કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનુ અવસાન થાય તો તેમણે બજાવેલી ફરજના સમયગાળાની ફિક્સ વેતનની લેણી રકમ કર્મચારીના કુટુંબીજનોને મળવાપાત્ર થશે પરંતુ બીજા નાણાકીય લાભ,એક્સગ્રેશિયા લાભ કેરહેમરાહે નોકરી જેવા અનુસંગીક લાભ મળવાપાત્ર થશે નહી,
13. નિમણુક પામનાર અધિક્ષક/કર્મચારીને સમાન સંવર્ગનુ અધિક્ષક/કર્મચારીએ ફરજો બજાવવાની થતી હોઇ તેવી ફરજો ફરજો બજાવવાની રહેશે તે માટે કચેરીમાં ફરજા પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે તેમજ પ્રાઇવેટ પ્રેક્ટીસ કે અન્યત્ર પાર્ટટાઇમ નોકરી કરી શકાશે નહી જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.
14. નિમણુક પામનાર અધિક્ષક/કર્મચારી કરારના સમય દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણરજા મળવા પાત્ર થશે અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહી તે સિવાયની રજા ભોગવાશે તો તે રજાના પગારની કપાત કરી લેવામાં આવશે.મહિલા કર્મચારીઓને રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.
15. નિમણુંક પામનાર અધિક્ષક/કર્મચારીઓએ કાર્યમથક પર રહેઠાણે રહેવાનુ ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહી.
16. કરારના સમય ગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઇપણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઇ પણ સમયે નોકરી સમાપ્ત કરવામાં આવશે.
17. સરકારશ્રી તરફથી વહિવટી હિતમાં બીજી કિ જરૂરી શરતો નક્કી થાય તે પણ બંધન કર્તા રહેશે
18. વ્યયસાય વેરાની કપાત નિયમોનુસાર ફિક્સ પગારમાંથી કરવાનાં આવશે.
19. નીમણુકના સમય દરમ્યાન તેમણે બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઇ પણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજ્ય સરકારની કોઇ જવાબદારી રહેશે નહી.
20. કરાર આધારીત ઉચ્ચક વેતનથી નિમણૂક પામેલ વ્યક્તિને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેના કોઇ હક્ક પ્રાપ્ત થશે નહી.
21. ઉપરોક્ત શરતો નિમણુંક પામનાર વ્યક્તિને સ્વીકાર્ય છે તે અંગેનુ સંમતિપત્ર મેળવવાનુ રહેશે.
22. આ ભરતી જે તે સંવર્ગના ભરતી નિયમો અનુસાર યોગ્ય લાયકાત ધરવતા ઉમેદવારોથી ભરતીની નિયત કરાયેલ પ્રક્રીયાને અનુસરીને જ કરવાની રહેશે અને નિયત અરજીપત્રકમાં નિમણુકપત્રમાં આ શરતોનો સમાવેશ કરવાનો રહેશે.
23. આ રીતે નિમણૂક પામેલ ઉમેદવારની ૨ વર્ષ દરમ્યાન કરેલ કામગીરીની સમીક્ષા ૨ વર્ષ પછી કરવાની રહેશે અને જો કામગીરી સંપુર્ણ સંતોષકારક જણાય તોજ બાકીના સમય માટે ચાલુ રાખવામાં આવશે.
24. સમાજ સુરક્ષામાં ગ્રાન્ટ ઇન કોડ ૧૯૯૨ મુજબ માન્ય ખર્ચનુ ૧૦ ટકા ખર્ચ સંસ્થાએ ભગવવાનુ રહેશે પણ તે માટે ગ્રાન્ટ મળવાની પાત્રતા નીચે મુજબ રહેશે.ગ્રાન્ટવારી માન્યતા આવતા

| | |
|---|---|
| તેના પ્રથમ વર્ષે શુન્ય<br>બીજા વર્ષે ૫૦%<br>ત્રીજા વર્ષે ૧૦૦% | મળવાપાત્ર ગ્રાન્ટના પ્રમાણમાં |

**સંસ્થાના વડાની સહી-સિકકા**